GJVD021007252024

**<u>મે. વડોદરાના ૨૧ માં અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી (બી. કે. રાવલ) ની કોર્ટમાં, વડોદરા.</u>**

**ફોજદારી કેસ નં:– ૮૮૬૭૬/૨૦૨૪**
**આંક :–**

ફરિયાદી : **શ્રી સરકાર**

<u>વિરુધ્ધ</u>

આરોપી : **૧. અશોક સુધાકર કટારીયા**
**૨. રંજન નોખેલાલ વર્મા**

**ગુન્હો : જુગારધારાની કલમ– ૧૨ (અ) મુજબ.**

**<u>– : ચુ કા દો :–</u>**

**(૧)** ફરિયાદપક્ષે આરોપી વિરુધ્ધ **જુગારધારાની કલમ–૧૨ (અ)** મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૨)** આજરોજ આરોપી કોર્ટ સમક્ષ હાજર થઇ ગુન્હા કબુલાત પુરસીસ રજુ કરતા જે અન્વયે આરોપીની પ્લી રેકર્ડ કરતાં, આરોપીએ સ્વૈચ્છાપૂર્વક ગુન્હાની કબુલાત કરેલ છે.

**(૩)** આરોપીની સ્વૈચ્છાપૂર્વક ગુન્હાની કબુલાત ધ્યાને લેતા તેમજ પોલીસ પેપર્સ વંચાણે લેતા આરોપીનો આ પ્રથમ ગુન્હો છે. આરોપીની આર્થિક અને સામાજીક સ્થિતી ધ્યાને લેતા અને દયાની માંગણી કરતા હોય તે ધ્યાને લઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

(૧) આ કામના દરેક આરોપીને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૨ અન્વયે તેમની સામેના આક્ષેપિત **જુગારધારાની કલમ– ૧૨ (અ)** મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીને **રુ.૫૦૦/– લેખે કુલ રૂા.૧,૦૦૦/– (અંકે રુપિયા એક હજાર પુરા)** દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા ફરમાવુ છુ. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–ર ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(ર) આ કામે કબજે કરેલ મુદ્દામાલ રોકડ રકમ સરકાર ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. અન્ય નોન–વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ યોજવામાં આવેલ નેશનલ લોક–અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૪–૧૨–૨૦૨૩
સ્થળ : વડોદરા.

**( બી. કે. રાવલ )**
ઈન્ચાર્જ ૨૧ માં એડી. ચિફ જયુડી.મેજીસ્ટ્રેટ, વડોદરા.
**UID CODE 01255**